પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૪૦ ૨૧ એપ્રિલ, ૨૦૧૭, શુક્રવાર ; ચૈત્ર વદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઈપીએફ પર ૮.૬૫ ટકાના વ્યાજદરને મંજુરી

**શ્રમપ્રધાન બંદારૂ દત્તાત્રેય દ્વારા જાહેરાત : તાત્કાલિક જાહેરનામું જાહેર કરાશે અને ચાર કરોડથી વધુ ધારકોને ૮.૬૫ ટકાનો વ્યાજદર અપાશે : ઓછા વ્યાજદરની ફોર્મલ સેકટરના વર્કરોની દહેશત દુર**





નવી દિલ્હી, તા. ૨૦

શ્રમપ્રધાન બંદારૂ દત્તાત્રેયે આજે કહ્યું હતું કે નાણા મંત્રાલેય વર્ષ ૨૦૧૬૦૧૭ માટે ઈપીએફ ડિપોઝીટ ઉપર ૮.૬૫ ટકાના વ્યાજ દરને લીલી ઝંડી આપી દીધી છે. પ્રધાનનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે આને લઈને હાલમાં ચર્ચા ચાલી રહી હતી. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં એમ્પલોઈઝ પ્રોવિડન્ડ ફંડ ઓર્ગેનાઈઝેશનની ઈપીએફઓ ટ્રસ્ટીની બેઠકમાં મંજુર કરવામાં આવેલા ૮.૬૫ ટકા કરતા ઓછો વ્યાજ દર મળશે તેવી ફોર્મલ સેકટરના વર્કરોમાં પ્રવર્તી રહેલી દહેશત આની સાથે જ દુર થઈ ગઈ છે. ઈપીએફ ઉપર ૮.૬૫ ટકાના વ્યાજદર નક્કી કરવામાં આવ્યો છે. આનાથી મોટી સંખ્યામાં ગ્રાહકોને સીધો ફાયદો થશે. નાણા મંત્રાલય ૮.૬૫ ટકાના વ્યાજ દર ઉપર સહમત થયું છે. હવે વિધિવત ચર્ચાનો દોર પુરો થઈ ચુક્યો છે. નેશનલ સેફ્ટી એવોર્ડના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા પ્રધાને આ મુજબની વાત કરી હતી. હવે તરત જ જાહેરનામું જારી કરાશે. ચાર કરોડથી વધુ ધારકોને આ વ્યાજદર મળશે. પ્રધાને કહ્યું હતું કે ટેક્સ ફ્રી

● અનુસંધાન પાન-૭ પર

## ચાર ટનનું સેટેલાઈટ લોન્ચ કરવા ઈસરોની તૈયારી શરૂ

**ઈસરો વધુ એક હરણફાળ ભરવા માટે તૈયાર : વધુ વજનના સેટેલાઈટને મોકલવા હાલ ઈસરોને વિદેશી લોન્ચીંગ વિકલ્પ પર આધાર રાખવા માટે ફરજ પડે છે**



નવી દિલ્હી,તા. ૨૦

આગામી મહિને મે મહિનામાં ઈસરો વધુ એક ઈતિહાસ રચવાની નજીક છે. પ્રથમ વખત ઈસરો શ્રીહરિકોટા સ્પેસ સેન્ટરથી ચાર ટન વજન ધરાવનાર સેટેલાઈટ મોકલવાની ક્ષમતા ધરાવનાર રોકેટ લોંચ કરનાર છે. હાલના સમયમાં ઈસરોના રોકેટ માં ૨.૨ ટન સુધીના સેટેલાઈટ મોકલી દેવા માટે ઈસરોને વિદેશી લોન્ચિંગ પર આધાર રાખવાની જરૂર પડે છે. ઈસરોના પ્રમુખ એસ કિરણ કુમારે કહ્યુ છે કે ચાર ટનના સેટેલાઈટ મોકલી દેનાર સેટેલાઈટ મોકલવાનુ નામ જીએસએલવી -એમકેઉ ડી-૧ છે. તેની સફળતા બાદ ભારતના ભારે સેટેલાઈટ મોકલવા વિદેશી લોન્ચિંગ વ્કીકલ

● અનુસંધાન પાન-૭ પર

## કુલભૂષણ મામલે હજુ રહસ્ય અકબંધ

**પાકિસ્તાન તરફથી જવાબ ન અપાતા ચિંતા : ભારત સરકાર તરફથી કુલ ૧૪ વખત જાધવના સંદર્ભમાં માહિતી આપવા વિનંતી કરાઈ**



નવી દિલ્હી,તા. ૨૦

ભારતે કુલભૂષણ જાધવની પાસે રાજકીય નેટવર્ક માટે પાકિસ્તાન સમક્ષ ૧૪ વખત રજુઆત કરી છે પરંતુ પડોશી દેશ પાકિસ્તાનને હજુ સુધી કોઈ જવાબ આપ્યો નથી. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું છે કે ભારતની પાસે જાધવના સ્થળ અને સ્થિતિના સંદર્ભમાં કોઈ માહિતી નથી. જેથી ચિંતાની બાબત દેખાઈ રહી છે. જાધવ ક્યાં છે અને તેની સ્થિતિ કેવી છે તે અંગે વારંવાર માહિતી મેળવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે પરંતુ પાકિસ્તાન દ્વારા કોઈ માહિતી આપવામાં આવી રહી નથી. પાકિસ્તાનમાં જાધવને ફાંસીની સજા ફટકારવામાં આવ્યા બાદથી ભારત અને પાકિસ્તાનની વચ્ચે તંગદિલી વધી ગઈ છે. ભારતે આ મામલા પર કઠોર કાર્યવાહી કરવાની

● અનુસંધાન પાન-૭ પર

## હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી વીરભદ્રસિંહ ઈડી સમક્ષ ઉપસ્થિત

**મની લોન્ડરીંગ કેસમાં સકંજો વધુ મજબૂત : ઈડી દ્વારા સમન્સ જારી કરાયા બાદ હિમાચલના મુખ્યમંત્રી વીરભદ્રસિંહ અંતે ઈડી સમક્ષ હાજર : વેધક પ્રશ્નો કરાયા**




નવી દિલ્હી,તા. ૨૦

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી વીરભદ્રસિંહની મુશ્કેલી હજુ પણ ઓછી થઈ રહી નથી. તેમની અને અન્યોની સામે નોંધવામાં આવેલા મની લોન્ડરીંગ કેસના સંદર્ભમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ સમક્ષ વીરભદ્રસિંહ આજે ઉપસ્થિત થઈ ગયા હતા. ત્યારબાદ તેમની પૂછપરછ હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## યુપીમાં સરકારી અધિકારીઓના આવાસ પર વ્યાપક દરોડા પડ્યા

**દરોડા દરમ્યાન કરોડોની રોકડ રકમ કબજે કરવામાં આવી : કાનપુરથી લઈને નોઈડા સુધી શ્રેણીબદ્ધ જગ્યાઓ ઉપર દરોડા : સંપત્તિઓના દસ્તાવેજો પણ જપ્ત : અધિકારીઓ-કર્મચારીઓમાં ખળભળાટ**

કાનપુર,તા. ૨૦

ઈન્ટમટેક્સ વિભાગની જુદી જુદી ટીમો દ્વારા સરકારી અધિકારીઓના આવાસ ઉપર આજે વ્યાપક દરોડા પાડવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. સરકારી અધિકારીઓના આવાસ ઉપર દરોડા બાદ કરોડો રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે. દરોડાની કાર્યવાહીથી સરકારી અધિકારીઓમાં દહેશત ફેલાઈ ગઈ હતી. વહેલી સવારથી જ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કાનપુરથી લઈને નોઈડા સુધી અનેક જગ્યાઓએ દરોડા પાડવામાં આવ્યા હતા. જંગી સંપત્તિઓની વિગત હાંસલ થઈ છે. આ કાર્યવાહી બાદ તમામ સરકારી વિભાગોમાં અધિકારીઓ અને કર્મચારીઓમાં પણ વ્યાપક ચર્ચા જોવા મળી રહી છે. આ દિશામાં માયાવતીની અવધિમાં નોઈડા ઓથોરિટીમાં ઓએસડી યશપાલ ત્યાગીના નોઈડા સહિત ચાર સ્થળો પર ઈન્કમટેક્સ વિભાગે દરોડા પાડ્યા હતા. એવી શંકા છે કે આનાથી બિલ્ડર અને નેતાઓના સંબંધ રહેલા છે. એમ ફાળવણીમાં ભૂમિકા હતી. ઓથોરિટાના પૂર્વ ચેરમેન



માનવામાં આવે છે કે માયાવતીના ભાઈ આનંદની સાથે તેમના નજીકના સંબંધો હતા. એવા આક્ષેપ છે કે ગ્રેટર નોઈડા અને યમુના એક્સપ્રેસ વેની મોહીન્દરસિંહના વિશ્વાસપાત્ર ગણાતા યશપાલ ઉપર પણ આક્ષેપ છે કે ઓએસડી હોવા છતાં ૧૫૫

● અનુસંધાન પાન-૭ પર

## એનઆઈએ દ્વારા જાકીર નાઈક સામે ધરપકડ વોરંટ

**બિનજામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યું : મુંબઈની એનઆઈએ અદાલત દ્વારા વોરન્ટ જારી કરાતા વિવાદાસ્પદ ઈસ્લામિક ધર્મગુરૂ જાકીર નાઈક મુશ્કેલીમાં**

મુંબઈ,તા. ૨૦

મુંબઈની ખાસ એનઆઈએ અદાલતે આજે ઈસ્લામિક ધર્મગુરૂ જાકીર નાઈક સામે બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કર્યુ હતું. આની સાથે જ જાકીર નાઈક સામે વધુ મુશ્કેલી સર્જાઈ રહી છે. જાકીર નાઈક ઉપર ગંભીર પ્રકારના આક્ષેપો કરવામાં આવી ચુક્યા છે. ઘૃણાની ભાવના ફેલાવવાના આરોપસર તેમની સામે સકંજો જમાવવામાં આવી રહ્યો છે. મુંબઈની એનઆઈએ કોર્ટ દ્વારા તેમની સામે વોરંટ જારી કરવામાં આવ્યું છે. પ્રવેન્શન ઓફ મનીલોન્ડરીંગ એક્ટ હેઠળ ખાસ અદાલતમાં કેસ ઈડી દ્વારા અગાઉ નોંધવામાં આવ્યો હતો. મની લોન્ડરીંગ કેસમાં તેમની સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા અન્ય બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યુ હતું. અગાઉ કોર્ટે નાઈકને ચાર વખત સમન્સ પણ મોકલ્યા હતા. જાકીર નાઈક હાલમાં યુએઈમાં છે અને ધરપકડને ટાળવાના તમામ પ્રયાસ કરી રહ્યા છે. વારંવાર સામાન્સ જારી કરાયા હોવા છતાં જાકીર નાઈક પૂછપરછ માટે ઉપસ્થિત થયા નથી. ઈડીએ ગયા ડિસેમ્બર મહિનામાં મની લોન્ડરીંગ કેસ દાખલ કર્યો હતો. અનલોફુલ એક્ટીવીટી પ્રવેન્શન એક્ટ હેઠળ એનઆઈએ દ્વારા જાકીર નાઈક અને અન્યો સામે ફરિયાદ દાખલ કરવામાં આવ્યા બાદ મની લોન્ડરીંગ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

## ન્યુઝ ટ્રેક

### નિતીશકુમાર સોનિયા ગાંધીની મુલાકાતે



બિહારના મુખ્યમંત્રી અને જેડીયુના નેતા નિશીતકુમાર ગુરૂવારે સાંજે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીને મળ્યા હતા. બીન સત્તાવાર સુત્રો મુજબ લોકસભાની આગામી ચૂંટણી માટે બીનભાજપી પક્ષો મહાગઠબંધન માટે સક્રિય થયા હોવાનું ચર્ચાય છે.

### મમતા અને નવીન પટનાયકની સૂચક મુલાકાત

દેશના મોટા રાજયના



બીનભાજપી મુખ્યમંત્રીની મુલાકાત પણ ભારે ચર્ચામાં છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયક વચ્ચે ગરૂવારે સાંજે ચર્ચાઓ થઈ હતી.

### પંજાબમાં ઓબીસી અનામત ૧૦ ટકા કરવામાં આવી



પંજાબ સરકારે શૈક્ષણિક સંસ્થાઓમાં અધર બેકવર્ડ કલાસ (ઓબીસી)ને મળનારા ૫ ટકા આરક્ષણને વધારીને ૧૦ટકા કરી દીધુ છે. આ પગલુ ઓબીસીના નવજીવન માટે છે. રાજ્યની ટેકનિકલ અને પ્રોફેશનલ સંસ્થાઓમાં પણ આરક્ષણ વધારાયુ છે.

### દિલ્હી મહિલા કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષે રાજીનામુ આપ્યું



દિલ્હીમાં થનારી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં અસ્તિત્વની લડાઈ લડી રહેલી કોંગ્રેસ માટે મુશ્કેલી ઓછી થવાનુ નામ નથી લઈ રહી. મહિલા કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ બરખા શુક્લએ રાજીનામુ આપતા કોંગ્રેસને વધુ એક ઝટકો લાગ્યો છે.

ગુજરાત સરકાર માન્ય LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
લેહ-લદાખ નુબ્રાવેલી-પેંગોગ
દાર્જીલીંગ ગંગટોક-લાચુંગ-પેલીંગ
સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી
કાશ્મીર ગુલમર્ગ-પહેલગામ
નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
ચારધામ બદ્રી-કેદાર ગંગોત્રી-યમુનોત્રી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ 26562324/22 9427455274 9408643756
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ

જોઈએ છે
ડ્રાઈવર - અનુભવી
એકાઉન્ટન્ટ આસીસ્ટન્ટ
ટેલી-કોમ્પ્યુટર જાણકાર
ઈન્ટરવ્યુ તા.૨૨-૪-૨૦૧૭
સમય : ૧૨ થી ૨
સંગીનીતા ઈન્ડસ્ટ્રીઝ
૩૦૧, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શ્રી સહજાનંગ ગુરૂકુળ - કોટેશ્વર
જોઈએ છે
૧. આચાર્ય : સ્નાતક / અનુસ્નાતક - બી.એડ. સાથે અનુભવી (નિવૃત્ત આચાર્ય પણ અરજી કરી શકશે)
૨. શિક્ષક : B.Sc., B.Ed. પ્રાથમિક વિભાગ માટે
૩. કલાર્ક : કોમ્પ્યુટર, એકાઉન્ડ અને ટેલીના જાણકાર, ઓનલાઈન બધા જ કામ કરી શકે તેવા અનુભવી. (પગાર લાયકાત મુજબ આપવામાં આવશે.)
જાહેરાતના ૧૦-દિવસ સુધીમાં પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલો સાથે રજી. એ.ડી.થી અરજી કરવી
મે. મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
શ્રી સહજાનંદ ગુરૂકુળ - કોટેશ્વર
વાયા - મોટેરા, તા. જી. ગાંધીનગર
ટે. નં. ૦૭૯-૨૩૯૬૯૩૭૦ / ૨૩૯૬૯૩૯૮

Make Your Life Live
DIAMOND
Managed by :
Complete Wedding Planner
The DIAMOND GROUP EVENTS
Contact For Booking :
+91 9898318815, +91 9033236009

Shreeya Farm
Adalaj Circle
અડાલજ સર્કલ, એસ.જી.હાઈવે, અડાલજ, ગાંધીનગર

મધુવન ફાર્મ
ક-7, ઘુંઘટ હોટલની પાછળ, ગાંધીનગર
૩૦૦૦ માણસોની કેપીસીટી ધરાવતી વિશાળ લોન

ધમાલ પેકેજ
• થીમ ડેકોરેશન • શરણાય-ઢોલ ટીમ
• પાર્ટી પ્લોટ ભાડુ • ડોલી
• લાઈટ બીલ • ડી.જે.
• જનરેટર • દુલ્હા-દુલ્હન સ્પે. એન્ટ્રી
• વેલેટ પાર્કીંગ
તમામ વ્યવસ્થા માત્ર એક કોલ
Rs. 370/- All Including
(Food, Decor, Venue)
• Birthday Party
• Engagement
• Anniversary
• Get together
• Fresher Party

પાર્ટી પ્લોટની વિશિષ્ટતાઓ
• ૫૦૦૦ માણસોની કેપીસીટી ધરાવતી વિશાળ લોન
• વિશાળ એ.સી. રૂમ
• વિશાળ પાર્કિંગ વ્યવસ્થા
• ગાંધીનગર-અમદાવાદ મધ્યસ્થ સ્થળ
D.J.-J
Jigar Trivedi's DANCE Academy
https://www.facebook.com/jigar.trivedi.94